# નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
ગોધરા વન વિભાગ
સિવિલ લાઈન્સ, આર.ટી.ઓ રોડ,
ગોધરા-૩૮૯૦૦૧,પંચમહાલ

सत्यमेव जयते

E-mail : dcfgodhra@gmail.com
Tel. No.: (02672) 242210
Fax No.: (02672) 242210

ક્રમાંક:- જમન/૧૪/બ/૧૮૩૫-૩૬/૨૦૨૩-૨૪
ગોધરા તા. ૪/૦૯/૨૦૨૩.

પ્રતિ,
વન સંરક્ષકશ્રી,
વડોદરા વર્તુળ,
વડોદરા.

વિષય:- **(Proposal No.FP/GJ/Water/152269/2022)**
**Diversion of 0.80 ha Reserved Forest land for the Construction of New Filter Plant, R.C.C. U/G Sump and Pump House for drinking water Supply facility in 20 Villages of Godhra Taluka, Village:- Gollav, Taluka:- Godhra, District:-Panchmahal in favour of Executive Engineer, Public Health Works Division, Godhra**

સંદર્ભ:- (૧) ભારત સરકારશ્રીના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મત્રાંલય, એકીકૃત ક્ષેત્રિય કાર્યાલય, ગાંધીનગર ના પત્રાંક:- FC-6/GJB-20/2023-GNR Dt.07.04.2023.
(૨) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્રાંક:- જમન/૩૧/બ/૫૩૧-૩૨ તા.૧૪.૦૬.૨૦૨૩.
(3) આપના પત્રાંક:- બ/જમન/૫/૧૩૬૩ તા.૧૪.૦૬.૨૦૨૩.
(૪) અત્રેના પત્રાંક:- જમન/૧૪/ક/૨૪૦૭ તા.૨૭.૦૬.૨૦૨૩.
(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, પંચમહાલ-ગોધરાના પત્રાંક:- PB/Sarsav/Forest Permission/854/2023 Dt.14.07.2023.

સાદર નિવેદન સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના મોજે. ગોલ્લાવ ગામે ન્યુ ફીલ્ટર પ્લાન, આર.સી.સી. અંન્ડર ગ્રાઉન્ડ સંપ અને પંપ હાઉસ બનાવવા માટે યુઝર એજન્સી દ્વારા વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ દરખાસ્ત કરવામાં આવેલ છે. જેમાં સંદર્ભ-૧ ના પત્રથી ૩ (ત્રણ) મુદ્દાની પુર્તતા કરવા માટે જણાવવામાં આવેલ છે. જે અન્વયે અત્રેથી સંદર્ભ-૪ ના પત્રથી યુઝર એજન્સીને ત્રણ મુદ્દાઓની પૂર્તતા કરવા માટે જણાવવામાં આવેલ છે. જે અન્વયે યુઝર એજન્સી દ્વારા તેઓના સંદર્ભ-૫ ના પત્રથી મુદ્દાઓની પૂર્તતા કરવામાં આવેલ છે. જેની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ રાખી સાદર કરવામાં આવે છે. તેમજ મુદ્દા નં.૨ માં Alternative (અન્ય વિકલ્પ) બાબતે અત્રેનો અભિપ્રાય માંગેલ છે. જે અન્વયે યુઝર એજન્સી તેમજ અત્રેથી ચકાસણી કરતા વન જમીન સિવાય અન્ય વિસ્તાર છે તે રેવન્યુ માલિકીની જમીન આવેલ છે. જેથી કોઈ અન્ય વિકલ્પ ન હોય વન જમીનની માંગણી કરવામાં આવેલ છે. તેમજ પાઈપલાઈનના નાંખવાના કામે કોઈ વૃક્ષો નડતરરૂપ થતા નથી. જે આપ સાહેબને વિદિત થાય.



Scanned with OKEN Scanner

| Sr.No | Compliance Condition | Compliance |
|---|---|---|
| 1. | The proposal includes of diversion of forest area for establishment of components like Filter plant, RCC UG Sump and Pump House for supply of drinking water. But it do not include inlet pipeline for sourcing the water and outlet pipeline for supply of water. Further it is not clear whether the user agency require any additional forest land to establish the pipeline or the pipeline will be laid in non-forest area. State Government is requested to kindly provide the necessary details accordingly. | ભારત સરકારશ્રીની જળ જીવન મશિન યોજના અંતર્ગત ગોધરા તાલુકાના ગોલ્વાવ ગામે ફીલ્ટર પ્લાન્ટ, આર.સી.સી. અંન્ડર ગ્રાઉન્ડ સંપ અને પંપ હાઉસ બનાવવા માટે ઈન્લેટ પાઈપલાઈન નર્મદા મુખ્ય કેનાલ આધારિત વાસકોટ ગામથી બલ્ક પાઈપલાઈનમાંથી ટેપીંગ દ્વારા સરસાવ યોજના હેઠળ મોજે. ગોલ્લાવ ગામે અનામત જંગલ સર્વે નં.૪૭૭ માં બનાવવામાં આવેલ મુખ્ય હેડ વર્કના સપમાં પાણીનો પુરવઠો આવનાર છે. અને મુખ્ય હેડ વર્કના ફીલ્ટર પ્લાન્ટમાંથી પાણીનો પુરવઠો ગોધરા તાલુકાના ૧૬ તથા ઘોઘંબા તાલુકાના ૪ મળી કુલ:- ૨૦ ગામોના ભુર્ગભ સંપમાં પીવાના પાણીના પુરવઠો પુરો પાડવામાં આવનાર છે.<br>ગોલ્લાવ ગામે મુખ્ય હેડ વર્ક માટે. વન સંરક્ષણ ધારા-૧૯૮૦ હેઠળ માંગણી કરવામાં આવેલ હતી. તે સમયે પીવાના પાણીની લાઈન નાંખવા માટેનો પથ નકકી થયેલ ન હોવાથી પાઈપલાઈનની માંગણી કરવામાં આવેલ ન હતી. હાલમાં સદર યોજના અંતર્ગત નાંખવાની થતી પાઈપ લાઈનનો પથ નકકી કરવામાં આવેલ હોઈ તેનો સમાવેશ દરખાસ્તમાં કરી આ નવેસરથી દરખાસ્ત યુઝર દ્વારા તૈયાર કરી અત્રેની કચેરીએ સાદર કરવામાં આવેલ છે. તેમજ યુઝર એજન્સી દ્વારા સરસાવ યોજના અંતર્ગત લાઈન નાંખવાનો રૂટ નકકી કરવામાં આવેલ છે. જેનો લે-આઉટ મેપ, એનેક્ષચર-૭, પાર્ટ-૧, કલેકટરશ્રી, પંચમહાલ-ગોધરાને વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ ના સર્ટીફીકેટ માટે સુધારો થઈ જવા માટેનો લેટર તથા જીઓ મેપ, ડી.જી.પી.એસ. મેપ, ટોપોશીટ, ઈન્ડેકક્ષ મેપ, ક્રોસ સેકશન મેપ, લે-આઉટ પ્લાન ૫ (પાંચ) નકલમાં તૈયાર કરી અત્રેની કચેરીએ સાદર કરવામાં આવેલ છે. અને ભલામણ કરવામાં આવેલ છે. |
| 2. | The State Government has not submitted proper justification for locating the project in forest area. As per the Google map though there are large extent of non-forest land available just adjacent to the land proposed for diversion. The user agency has not examined alternatives and also not provided the details | યુઝર એજન્સીના જણાવ્યા મુજબ મોજે. ગોલ્લાવ ગામે બાંધવામાં આવનાર મુખ્ય હેડ વર્કના સંપ/ફિલ્ટર પ્લાન્ટ માટે ગોલ્વાવ ગામે સરકારી પડતર જમીનની ચકાસણી કરતા સરકારી પડતર જમીન ઉપલબ્ધ ન થવાથી |



Scanned with OKEN Scanner

| | | |
|---|---|---|
| | of alternatives examined in the proposal. | અનામત જંગલ સર્વે નં.૪૭૭ ની માંગણી કરવામાં આવેલ છે. અને બાજુમાં આવેલ વિસ્તાર રેવન્યુ છે. જેમાં ખાતેદારોના ખેડાણો આવેલ છે. તેમજ જંગલની જમીન સિવાય અન્ય કોઈ વિકલ્પ ઉપલબ્ધ ન હોય Alternative જગ્યાનો મેપ રજુ કરવાનો રહેતો નથી.<br>આમ, મુખ્ય હેડ વર્કસ બનાવવાની કામગીરી માટે જગ્યાઓની ચકાસણી કર્યા બાદ જ દરખાસ્ત કરવામાં આવેલ છે.<br>વધુમાં યોજના અંતર્ગત નાંખવાની થતી પાઈપલાઈનની હાઈડ્રોલીક ડીઝાઈન મુજબ ઉપરોકત સ્થળની જગ્યા જ યોગ્ય જણાય છે. તેમ જણાવેલ છે. |
| 3. | State Government is requested to kindly provide the KML file of the forest boundary | અત્રેના પત્રાંક:- જમન/૧૪/અ/૩૦૬-૦૭ તા.૦૯.૦૫.૨૦૨૩ થી મોજે. ગોલ્વાવ ગામના જંગલ વિસ્તારની KML File સાદર કરવામાં આવેલ છે. |

નાયબ વન સંરક્ષક
ગોધરા

નકલ જય ભારત સહ રવાના:- કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગોધરા તરફ આપના સંદર્ભ-૫ ના પત્ર અન્વયે જાણ થવા વિનંતી.

Scanned with OKEN Scanner